# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીઆદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



**ખંભાત તાલુકાની પીપળોઇ ગ્રામ પંચાયતમાં એન્ટી કરપ્શન બ્યૂરોનો સપાટો**

## ખંભાતમાં પેઢીનામું કરી આપવા છ હજારની લાંચ લેતા તલાટી-વીસીઈ રંગેહાથ પકડાયાં

**વડીલોપાર્જિત** જમીનમાં નામ દાખલ કરવા માટે તલાટીએ ૧૦ હજારની માંગણી કરી હતી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૪

ખંભાત તાલુકાના પીપળોઈ ગામે વડીલોપાર્જિત ખેતીની જમીનમાં વારસદારોના નામ દાખલ કરવા માટે જરૂરી પેઢીનામું કરી આપવાના અવેજ પેટે લાંચની માંગણી કરનાર તલાટી કમ મંત્રી અને વીસીઈને આણંદ એસીબીએ રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કેસની ટૂંક વિગત મુજબ, એક જાગૃત નાગરિકના વતન ખાતે વડીલોપાર્જિત જૂની શરતની ખેતીની જમીન આવેલી છે. આ જમીનમાં ફરિયાદી તથા તેમના ભાઈ-બહેનોના નામ દાખલ કરવા માટે 'પેઢીનામું' તૈયાર કરવાની જરૂરિયાત હતી. આ પેઢીનામું તૈયાર કરી આપવા માટે પીપળોઇ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કૈવન બીપીનભાઇ શાહ અને વીસીઇ શૈલેષ રામભાઇ મકવાણાએ ફરિયાદી પાસે રૂ. ૧૦ હજારની લાંચ માંગી હતી. આ લાંચની રકમ બાબતે રકઝક થતા અંતે રૂ. આઠ હજાર આપવાનું નક્કી થયું હતું. જોકે, ફરિયાદી લાંચ



આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરી આણંદ એસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદને આધારે ૨૪મી જૂન ૨૦૨૬ના રોજ આણંદ એસીબીની ટીમે પીપળોઇ ગ્રામ પંચાયત કચેરી ખાતે લાંચનું છટકું ગોઠવ્યું હતું. ટ્રેપ દરમિયાન, તલાટી કૈવન શાહના કહેવાથી વીસીઇ શૈલેષ મકવાણાએ ફરિયાદી પાસેથી રૂ. આઠ હજાર સ્વીકાર્યા હતા. બાદમાં તલાટીના કહેવાથી જ વીસીઇએ તેમાંથી રૂ.બે હજાર ફરિયાદીને પરત આપ્યા હતા અને બાકીના રૂ. છ હજારની લાંચ સ્વીકારતા જ એસીબીની ટીમે બંનેને સ્થળ પર દબોચી લીધા હતા. આમ, રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરી ગુનાહિત ગેરવર્તણૂક કરવા બદલ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

આ કાર્યવાહીમાં ટ્રેપ કરનારા અધિકારી તરીકે પોલીસ ઈન્સ્પેક્ટર આર.એન. વિરાણી અને ટીમ તથા સુપરવિઝનમાં મદદનીશ નિયામક એમ.એચ. પુવાર અને નાયબ નિયામક હરેશ મેવાડાએ દેખરેખ રાખી હતી.

**જે.કે. ટ્રેડર્સના કારખાના અને ૩ ગોડાઉનમાંથી વિસ્ફોટકોનો જથ્થો મળ્યો**

## વસોમાં ધમધમતી ફટાકડાની ગેરકાયદે ફેક્ટરી પર દરોડો

**દરોડા દરમિયાન** માલિકની પત્ની અને સાક્ષી વચ્ચે લોહિયાળ જંગ ખેલાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

નડિયાદ એસઓજી પોલીસે વસોના ઈન્દિરા નગરી વિસ્તારમાં કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી કે ફાયર સેફ્ટી વિના ધમધમતી ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉન પર ત્રાટકીને મસમોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે. રહેણાંક વિસ્તારમાં લોકોના જીવ જોખમમાં મૂકીને ચાલતા આ એકમો પર દરોડા દરમિયાન માલિકની પત્નીએ પોલીસ અને પંચના સાક્ષીઓ સાથે ઝપાઝપી કરતા મામલો બીચક્યો હતો. પોલીસે મુખ્ય આરોપી જાવેદ શેખની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ખેડા નડિયાદ એસઓજીની ટીમે એફએસએલ, ફાયર બ્રિગેડ અને મામલતદારને સાથે રાખીને 'જે.કે. ટ્રેડર્સ' નામે ચાલતા આ એકમો પર સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. તપાસમાં ૧ કારખાનું અને ૩ મોટા ગોડાઉન મળી આવ્યા હતા, જ્યાં મોટા પાયે વિસ્ફોટક સામગ્રીનો સંગ્રહ અને ઉત્પાદન થતું હતું. અહીં પોલીસ કાર્યવાહી દરમિયાન ભારે ડ્રામા સર્જાયો હતો. ગોડાઉન માલિકની પત્ની કરિશ્મા શેખે સરકારી પંચ તરીકે હાજર રમીઝ ઉર્ફે બિલાલ વોરા સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી, જે બાદમાં મારામારીમાં પરિણમી હતી. આ હિંસક ઘર્ષણમાં બંને પક્ષના લોકો ઈજાગ્રસ્ત થતા તેમને નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. કરિશ્મા શેખે એસઓજીના પોલીસ કર્મચારી પર નાણાં માંગવાના અને સાક્ષી પર અગાઉ સોપારી આપવાના ગંભીર આક્ષેપો પણ કર્યા છે. બીજી તરફ પંચના સાક્ષી પર હુમલો એ સરકારી કામગીરીમાં રૂકાવટનો ગંભીર ગુનો હોવાથી પોલીસે ક્રોસ કમ્પ્લેઈનની દિશામાં કાર્યવાહી શરૂ કરી છે.

સ્થાનિક વહીવટી તંત્ર અજાણ કઈ રીતે રહ્યું તે મોટો કાયદાકીય પ્રશ્ન છે. એક્સપ્લોઝિવ એક્ટ અને ફાયર સેફ્ટીના નિયમોનો સરેઆમ ભંગ કરનારા જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાશે કે કેમ તે જોવું રહ્યું.

## ભાલેજના વેપારી સાથે રૂ.૮ લાખની છેતરપિંડી આચરી

**રાજકોટના ઠગ દલાલે** ૨૪ ટન લોટ સગેવગે કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદના ભાલેજ ખાતે ભાડેથી જગ્યા રાખી 'જયશ્રી અંબે ટ્રેડિંગ' નામે ઘઉંના લોટનો વેપાર કરતા પાદરાના વેપારી અજયભાઈ મનુભાઈ ભોઈ સાથે રાજકોટના એક શખ્સે વિશ્વાસઘાત કરી રૂ. ૮.૦૧ લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે.

રાજકોટના મવડી ચોકડી વિસ્તારમાં રહેતા દિપકભાઈ રમેશભાઈ ભદ્રકીયાએ પોતાની ઓળખ 'રતીલાલ એન્ડ સન્સ' પેઢીના દલાલ તરીકે આપી વેપારીનો સંપર્ક કર્યો હતો અને મોરબી-વાંકાનેર હાઈવે પર આવેલી 'એન.એન. એન્ટરપ્રાઈઝ' નામની પેઢી પર માલ મંગાવ્યો હતો. વેપારીએ વિશ્વાસ રાખીને ગત ૪મી જુલાઈ અને ૭મી જુલાઈ ૨૦૨૫ના રોજ બે અલગ-અલગ ટ્રકમાં કુલ ૨૪ ટન 'મુરલીધર ગોલ્ડ આટા' બ્રાન્ડનો લોટ અને ૬૦ કટ્ટા ઘઉંની ભૂસી મોકલી હતી, જેની કુલ કિંમત રૂ. ૮,૦૧,૦૦૦ થતી હતી. જોકે, સમયસર પેમેન્ટ ન આવતા અને આરોપીનો ફોન બંધ થઈ જતા વેપારીએ સ્થળ પર જઈ તપાસ કરી હતી.

આ તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે વાંકાનેર હાઈવે પર 'એન.એન. એન્ટરપ્રાઈઝ' નામની કોઈ પેઢી અસ્તિત્વમાં જ નથી. ગઠિયાએ ટ્રક ડ્રાઈવરોને વરસાદના પાણી ભરાયાનું ખોટું બહાનુ બતાવી હાઈવે પર જ મજૂરો બોલાવી બધો માલ બીજી ગાડીમાં ક્રોસ કરાવી લીધો હતો અને ત્યાંથી સગેવગે કરી દીધો હતો. આ મામલે ભાલેજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

**ડાકોર બાદ હવે ઠાસરામાં સ્ટેટ મોનિટરીંગ સેલના દરોડા | રૂ. ૨૯.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત**

## ઠાસરામાં પોલીસની રહેમનજર હેઠળ ચાલતો દારૂનો કારોબાર ખુલ્લો પડ્યો

**ઠાસરા** પોલીસના 'વહીવટદારો' અને ડી-સ્ટાફની ભૂમિકા શંકાના ઘેરામાં આવ્યા



(પ્રતિનિધિ) ઠાસરા તા.૨૪

ઠાસરા પોલીસ મથકની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા પાડવામાં આવેલા દરોડાએ સ્થાનિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. ડાકોર બાદ હવે ઠાસરામાં પણ પોલીસની કથિત મિલીભગત અને 'વહીવટદારો'ના આશીર્વાદથી ચાલતા દારૂના ધંધા પર SMC ત્રાટકતા સ્થાનિક પોલીસ તંત્રમાં ફફડાટ ફેલાઈ ગયો છે. છેલ્લા બે મહિનામાં એસએમસી દ્વારા આ વિસ્તારમાં બીજી વખત મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ, ઠાસરાના વિશ્રામપુરા વિસ્તારમાં જ્યારે દારૂનું 'કટિંગ' (માલ ઉતારવાની પ્રક્રિયા) ચાલી રહ્યું હતું, ત્યારે જ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે બાદરપુરાના સંદીપકુમાર બળવંતભાઈ પરમાર અને રાજસ્થાનનો ગની ઈદેખાન મેહર નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. આ રેડમાં કુલ ૨૯,૨૭,૨૬૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં બુટલેગરે પોલીસથી બચવા કાર પર બોગસ નંબર પ્લેટ લગાવી હતી. જ્યારે કારમાં હરિયાણા પાર્સીંગની પણ નંબર પ્લેટ મળી આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઠાસરા પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફ અને વહીવટદારો દ્વારા બૂટલેગરોને છાવરવામાં આવતા હોવાની નીતિ સ્પષ્ટપણે જણાઈ રહી છે. બૂટલેગરો દારૂની હેરાફેરી માટે કેનાલના માર્ગનો ઉપયોગ કરતા હોવા છતાં સ્થાનિક પોલીસ અજાણ હોય તે બાબત આશ્ચર્ય જન્માવે છે.

આક્ષેપ છે કે જ્યારે પણ સ્ટેટ મોનિટરીંગ સેલ કે લોકલ ક્રાઈમ બ્રાંચ જેવી બહારની એજન્સીઓ દરોડા પાડે છે, ત્યારે પોતાની કામગીરી બતાવવા માટે સ્થાનિક પોલીસ ઉતાવળે નાના-મોટા બૂટલેગરો સામે પ્રોહિબિશનના ગુના નોંધી સંતોષ માને છે. ઠાસરા અને ડાકોર પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૧થી કેટલાક કર્મચારીઓ સ્થાયી થઈને બેઠા હોવાની વિગતો પણ સામે આવી છે. આ 'જૂના' અને કૌભાંડી માણસોને જિલ્લા પોલીસ તંત્ર કેમ સાચવી રહ્યું છે ? તે એક મોટો પ્રશ્ન છે. વહીવટદારો અને ડી-સ્ટાફની સાઠગાંઠને કારણે પોલીસની છબી વારંવાર ખરડાઈ રહી છે. જો ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલે ઊંડી તપાસ કરવામાં આવે તો અનેક રાજકીય મોટા માથાઓની સંડોવણી બહાર આવવાની પૂરેપૂરી શક્યતા છે.

## મોહરમ પર્વ પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**બેઠકમાં** આગેવાનો અને પદાધિકારીઓ હાજર રહ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

નડિયાદમાં મોહરમ પર્વની શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવણી થાય તે હેતુથી જિલ્લા પોલીસ પરિવાર દ્વારા બાજ ખેડાવાળ હોલ ખાતે શાંતિ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને બંને કોમના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ બેઠકમાં વિભાગીય પોલીસ વડા વી.આર. બાજપાઈ, નડિયાદ મનપાના ડેપ્યુટી મેયર કલ્પેશભાઈ રાવળ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરાગભાઈ બારોટ અને જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ વિકાસભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નડિયાદ ટાઉન પી.આઈ. બી.ડી. શાહ, પશ્ચિમ પી.આઈ. પી.પી. જાની અને રૂરલ પી.આઈ. એમ.આર. બારોટ સહિત નગરપાલિકાના કોર્પોરેટરોએ પણ હાજરી આપી હતી. આ બેઠક દરમિયાન જિલ્લા પોલીસ વડા વિજય પટેલે બંને કોમના આગેવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, મોહરમનો તહેવાર પરસ્પર સુખ-શાંતિ અને સંપથી મનાવવામાં આવે તે જરૂરી છે. તેમણે શાંતિ જાળવવા માટે પોલીસ તંત્રને સહયોગ આપવા અપીલ કરી હતી. સામા પક્ષે હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનોએ પણ ખાતરી આપી હતી કે સાથે મળીને તહેવારની ઉજવણી કરશે અને શહેરમાં ભાઈચારો જાળવી રાખશે.

**કોન્ટ્રાક્ટરની દાદાગીરી અને અધિકારીઓની મિલીભગતનો ગ્રામજનોનો આક્ષેપ**

## લુણાવાડામાં રસ્તાના કામમાં વેઠ ઉતારાતા ગ્રામજનોમાં રોષ

**ચોપડા-નવામુવાડા** રોડની કામગીરીમાં સફાઈ કે ટ્રિમિંગ કર્યા વગર જ ડામર પાથરી દેવાયો



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૪

લુણાવાડાથી માત્ર ૪ કિલોમીટરના અંતરે આવેલા ચોપડા થી નવામુવાડા ગામને જોડતા મુખ્ય રોડના નિર્માણમાં સરકારી નિયમોને નેવે મૂકીને કામ કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. આર.એન્ડ.બી. (માર્ગ અને મકાન) વિભાગ હેઠળ મંજૂર થયેલા આ રોડના કામમાં ભારે વેઠ ઉતારવામાં આવતી હોવાની વ્યાપક બૂમો ઉઠી છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, કોઈપણ રોડ બનાવતા પહેલા તેની આજુબાજુનું ટ્રિમિંગ અને યોગ્ય સાફ-સફાઈ કરવી અનિવાર્ય હોય છે. જોકે, અહીં કોન્ટ્રાક્ટર દ્વારા આવી કોઈ પણ પ્રક્રિયા કર્યા વગર જ સીધું ડામરનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ નબળી કામગીરીને કારણે ભવિષ્યમાં રોડની મજબૂતાઈ ઘટશે અને સરકારી નાણાંનો બગાડ થશે તેવી ભીતિ સેવાઈ રહી છે. રોડનું કામ તદ્દન નબળું થતું જોઈને ચોપડા અને નવામુવાડા ગામના લોકોએ એકઠા થઈને કામ અટકાવી વિરોધ નોંધાવ્યો હતો.

આ અંગે ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે એજન્સીના માથાભારે કોન્ટ્રાક્ટરો સંતોષકારક જવાબ આપવાને બદલે દાદાગીરી પૂર્વક નબળું કામ ચાલુ રાખી રહ્યા છે. આ મામલે સ્થાનિકોમાં અધિકારીઓની મિલીભગત હોવાની પણ ચર્ચા છે. હાલ ગ્રામજનોની માંગ છે કે આર.એન્ડ.બી. વિભાગના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર આવી તપાસ કરે અને નિયમ મુજબ કામ કરાવે. જો તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ગ્રામજનો દ્વારા આપવામાં આવી છે.

## ડોક્ટરની બોગસ ડિગ્રી બનાવી આપનારા 2 ઝબ્બે

**નકલી ડોક્ટર** ઝડપાયા બાદ પોલીસે મધ્યપ્રદેશ અને હરિયાણાથી મુખ્ય સૂત્રધારોને દબોચ્યા

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૪

ખંભાત રૂરલ પોલીસે લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટરો વિરુદ્ધ ચલાવેલી ઝુંબેશમાં મોટી સફળતા મેળવી છે. નગરા ગામે નકલી ડિગ્રીના આધારે એલોપેથિક દવાખાનું ચલાવતા એક શખ્સની ધરપકડ બાદ, પોલીસ તપાસમાં છેક અન્ય રાજ્યો સુધી વિસ્તરેલા મોટા મેડિકલ રેકેટનો પર્દાફાશ થયો છે.

ખંભાત રૂરલ પોલીસ ટીમે બાતમીના આધારે નગરા ગામના ભાથીજી ફળીયામાં "ભાથીજી ક્લિનિક" નામે ગેરકાયદેસર પ્રેક્ટિસ કરતા ૨૮ વર્ષીય અર્જુનભાઈ મકવાણાને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી પાસે કોઈ માન્ય ડિગ્રી નહોતી અને તે ઉત્તર પ્રદેશની ચૌધરી ચરણસિંહ વિશ્વવિદ્યાલય (મેરઠ) ના નામનું બોગસ B.A.M.S. સર્ટિફિકેટ ધરાવતો હતો.

પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ કરતા આ રેકેટના તાર મધ્યપ્રદેશ અને હરિયાણા સાથે જોડાયેલા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી મધ્યપ્રદેશના દેવાસથી રાજેન્દ્ર નંદકિશોર વ્યાસ અને તેની કબૂલાતના આધારે હરિયાણાના સિરસાથી વિજયપાલ છગનલાલ વર્મા નામના મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી બે લેપટોપ અને ૮ નંગ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧,૪૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

**વ્હાલસોયા સંતાનોને ભણવા મોકલતા વાલીઓ અંધારામાં રખાયાં?**

## વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકી પુસ્તકોના કામમાં જોતરતા ઉગ્ર રોષ

**વલાસણથી ટ્રેક્ટરમાં** બેસાડી છેક વિદ્યાનગર આવ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદની વલાસણ કેળવણી મંડળ સંચાલિત શાળા ફરી એકવાર ગંભીર વિવાદમાં સપડાઈ છે. વાલીઓ પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને શાળાએ ભણવા મોકલે છે, પરંતુ ત્યાં વિદ્યાર્થીઓ પાસે શિક્ષણને બદલે જોખમી મજૂરી કરાવવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. શાળાના પુસ્તકોની હેરાફેરી સમયે વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયા હોવાની ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

**મારી જાણ બહાર ટ્રક્ટરને લઇ ગયા હતાં**



'હું ગુણોત્સવના કાર્યક્રમમાં વ્યસ્ત હતો તે દરમિયાન તાત્કાલિક પુસ્તકો લઇ જવા જણાવ્યું હતું. આ દરમિયાન એક વાલી જ પોતાનું ટ્રેક્ટર લઇને આવ્યા અને તેમના જ સંતાનો અને તેના મિત્રોને સાથે લઇ પુસ્તકો લેવા જતાં રહ્યાં હતાં. જોકે, તેઓ ટ્રેક્ટરમાં જવાના હતા તે ખ્યાલ નહતો. આ ઉપરાંત સાથે ગયેલા શિક્ષકે પણ પુરી વાત કરી નહતી.' **- રમેશભાઈ ખેર, પ્રિન્સીપાલ, વલાસણ હાઈસ્કૂલ**

મળતી માહિતી મુજબ, શાળા પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓ પાસે મજૂરોની જેમ પુસ્તકો ઉંચકાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષાની સરેઆમ અવગણના કરવામાં આવતા તેમના જીવનું જોખમ ઊભું થયું હતું. સોશિયલ મીડિયા પર આ ઘટનાના વીડિયો વાયરલ થતા વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વાલીઓનો આરોપ છે કે, તેઓને ખબર જ નથી હોતી કે તેમના બાળકો પાસે શાળામાં શિક્ષકો કેવા પ્રકારના કામો કરાવે છે ? જોકે, આચાર્યે વાલી પર જવાબદારી ઢોળી હતી.

## ખંભાતના એમકોમના વિદ્યાર્થીઓએ ૧૭ પ્રા. શાળાનું શિક્ષણ સંભાળ્યું

**શાળાના શિક્ષકો** વસ્તી ગણતરીની કામગીરીમાં વ્યસ્ત હોવાથી શૈક્ષણિક કાર્ય સંભાળ્યું

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૪

વર્તમાન સમયમાં જ્યારે દેશભરમાં વસ્તીગણતરીની મહત્વની કામગીરી ચાલી રહી છે અને પ્રાથમિક શાળાઓના શિક્ષકો આ રાષ્ટ્ર સેવામાં જોડાયા છે, ત્યારે બાળકોના અભ્યાસ પર તેની અસર ન પડે તે માટે ખંભાતની કોલેજના યુવાઓએ પ્રેરણાદાયી પહેલ કરી છે. ખંભાતની શરદકુમાર હાંસોટી અને મંજુલાબેન હાંસોટી વાણિજ્ય અનુસ્નાતક (એમ. કોમ.) કોલેજના વિદ્યાર્થીઓએ શહેર અને તાલુકાની શાળાઓમાં શિક્ષણ સેવા યજ્ઞ શરૂ કરીને એક નવો રાહ ચીંધ્યો છે.

આ વિશેષ અભિયાન અંગે માહિતી આપતા વિભાગના હેડ ડો. હસન રાણાએ જણાવ્યું હતું કે, શિક્ષકો વસ્તીગણતરીની કામગીરીમાં હોવાથી પ્રાથમિક શાળાના બાળકોનું શિક્ષણ કાર્ય અટકે નહીં અને ખાસ કરીને Foundational Learning અંતર્ગત લેખન, વાંચન અને ગણન કાર્યમાં બાળકો પાછળ ન રહી જાય તેવા ઉમદા હેતુથી આ વિદ્યાર્થીઓ જુદા જુદા વિષયો ભણાવી રહ્યા છે.

વધુમાં પ્રાધ્યાપક કૃપેશ ઠાકરના જણાવ્યા મુજબ, ખંભાત શહેર અને તાલુકાની અંદાજે ૧૭ જેટલી પ્રાથમિક શાળાઓમાં આ ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ સેવા યજ્ઞથી માત્ર બાળકોને જ લાભ નથી મળી રહ્યો, પરંતુ ભણાવવા જનારા એમ.કોમ.ના વિદ્યાર્થીઓમાં પણ કમ્યુનિકેશન, કોન્ફિડન્સ, અને કો-ઓર્ડિનેશન જેવા ગુણો વિકસશે.

આ સંસ્થાના ચેરમેન રાજેશ રાવ, સીઈઓ ડો. વશિષ્ઠ મુનિ, કેમ્પસ ડિરેક્ટર અશ્વીનસિંહ ડોડીયા, આચાર્ય જે.સી. ચૌહાણ સહિતે વિદ્યાર્થીઓની આ રાષ્ટ્રવાદી અને શૈક્ષણિક પહેલને બિરદાવી છે. આ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન પ્રાધ્યાપક ધ્રુવીતાબેન બારોટ દ્વારા કરવામાં આવ્યું છે. આમ, ખંભાતના આ વિદ્યાર્થીઓએ સાબિત કર્યું છે કે



જ્યારે રાષ્ટ્ર સેવાની વાત આવે ત્યારે યુવાશક્તિ પણ શિક્ષણના માધ્યમથી પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શકે છે.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**